તંત્ર દ્વારા ધ્યાન રખાયું નહીં અને ટીપીઓની વર્ષો પહેલાની આયોજનની ભૂલો, દબાણોની સાથે સાથે

TPOએ ખાડીમાં ફાળવેલા પ્લોટ પૂર માટે જવાબદાર!

વરાછા ખાડીને લાગુ સરથાણા, વાલક, પુણા વગેરે વિસ્તારમાં પ્લોટ ફાળવતાં કરાયેલા બાંધકામો હવે નડી રહ્યા છે

ટીપી 25, 22, 21 અને 60માં ખાડીને 'બાપીકી પેઢી' જ સમજી લેવામાં આવી અને ફાઈનલ પ્લોટ ફાળવી દેવાયા આવ્યા

સુડાના ડીપીમાં સીમાડા-સરથાણામાં ખાડી માટે 10 મી. અને બમરોલીમાં 20 મી.ના બફર ઝોનનો અમલ જ કરાતો નથી

સુરત : સુરતમાં દર ચોમાસે સર્જાતું ખાડીપૂર હવે કુદરતી આપત્તિ કરતાં વધુ માનવસર્જિત વહીવટી નિષ્ફળતાનું પ્રતિક બની રહ્યું છે. આ વર્ષે ખાડીપૂરના કારણે ભારે ઉહાપોહ, વિરોધ અને લોકોના રોષ બાદ શાસકો અને વહીવટી તંત્રે ખાડીપૂર અભ્યાસ સમિતિ બનાવી દોડધામ શરૂ કરી છે. પરંતુ માત્ર બેઠકો, સર્વે અને પ્રેઝન્ટેશનોથી ખાડીપૂરની સમસ્યા ઉકેલાવાની નથી. વર્ષોથી થયેલી આયોજનની ભૂલો, ખાડીઓ પરના દબાણો, ટીપીમાં થયેલી ગેર આયોજનાત્મક ફાળવણી અને બફર ઝોનના નિયમોના અમલના અભાવે સુરત આજે પોતાના જ વિકાસના ભાર નીચે દબાતું જોવા મળી રહ્યું છે.

અનુભવી વર્તુળોનું માનવું છે કે જ્યાં સુધી રાજકીય ઇચ્છાશક્તિ સાથે કડક કાર્યવાહી નહીં થાય, ત્યાં સુધી દર વર્ષે સુરતના હજારો પરિવારો ખાડીપૂરની યાતના ભોગવતા રહેશે. શહેરના ટીપી-25 (મોટા વરાછા), ટીપી-22 (સરથાણા-વાલક), ટીપી-21 (સરથાણા-સીમાડા) અને ટીપી-60 (પુણા)માં વર્ષો પહેલાં કરવામાં આવેલી ફાઇનલ પ્લોટની ફાળવણી આજે ગંભીર પ્રશ્નો ઉભા કરી રહી હોવાનું જાણકારોનું કહેવું છે. આક્ષેપો મુજબ, તે સમયના આયોજનમાં કેટલાક પ્લોટ ખાડી અને તાપી નદીના અસર ક્ષેત્રમાં ફાળવાયા હતા.

રિઝર્વેશનમાં ઘટાડો ન થાય તે માટે જે કે સમયના તત્કાલીન સરકારના ટીપીઓ દ્વારા કરવામાં આવેલી આ ફાળવણી હવે નદી કિનારા વિકાસ, ખાડી સુધારણા અને ડ્રેનેજ આયોજન માટે સૌથી મોટો અવરોધ બની રહી છે. સુડાના ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન-2035માં સીમાડા-સરથાણા ખાડી માટે 10 મીટર અને બમરોલી વિસ્તારમાં 20 મીટરના બફર ઝોનની જોગવાઈ દર્શાવવામાં આવી છે. તેમ છતાં સ્થાનિકોમાં એવી ફરિયાદ છે કે આ જોગવાઈઓનો કડક અમલ થતો નથી અને વિવિધ મંજૂરીઓના આધારે બાંધકામોને પ્રોત્સાહન મળતું રહે છે. જો આક્ષેપોમાં સત્ય હશે તો ભવિષ્યમાં ખાડી સુધારણા માટે જમીન ઉપલબ્ધ કરાવવી વધુ મુશ્કેલ બની શકે છે.





વરાછા ખાડીનું મૂળ જ સાંકડું, પછી દબાણોનો ઘેરાવો

સીમાડા-પાસોદરા થઈ વાલક તરફ આવતી વરાછાની ખાડી અનેક સ્થળે અત્યંત સાંકડી થઈ ગઈ છે. આવી સ્થિતિમાં માત્ર સફાઈથી સમસ્યા હલ થવાની નથી. વર્ષોથી એવી માંગ ઉઠી રહી છે કે સમગ્ર ખાડીને પહોળી કરીને બંને બાજુ સર્વિસ રોડ વિકસાવવામાં આવે, જેથી પાણીના વહેણને પૂરતી જગ્યા મળી રહે અને ભવિષ્યમાં જાળવણી પણ સરળ બને

બાપા સીતારામ ચોક પાસે બ્રિજ અને દબાણોએ ખાડીને બોટલનેક કરી દીધી

નાના વરાછામાં સીમાડા નાકા ખાતે આકાશ સ્પોર્ટ્સ ક્લબ પાછળ બાપા સીતારામ ચોક નજીક ખાડીમાં પડતા વળાંક પર બ્રિજ અને આસપાસના બાંધકામોના કારણે પાણીના કુદરતી પ્રવાહને અસર થતી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. ભારે વરસાદમાં આ સ્થળ 'બોટલનેક' બની જતું હોવાની ચર્ચા સ્થાનિક સ્તરે થઈ રહી છે. જો કે જે તે સમયે આવું થવા પાછળ રાજકીય હસ્તક્ષેપ અને માનીતાઓને લાભ કરાવવા ખેલ ખેલાયો હતો તેવું જાણકારો કહે છે.

સારોલી, કુંભારીયા અને આંજણાના આડેધડ વિકાસે પણ દબાણો વધાર્યા

સારોલી, કુંભારીયા અને આંજણા સહિતના વિસ્તારોમાં વર્ષો દરમિયાન થયેલા ઝડપી બાંધકામો અને વિકાસકાર્યોને કારણે વરસાદી પાણીના કુદરતી વહેણમાં અવરોધ ઊભા થયા હોવાની ચર્ચા થઈ રહી છે. જો શહેરના કુદરતી ડ્રેનેજ માર્ગોને જાળવવામાં નહીં આવે તો ભવિષ્યમાં પૂરનું જોખમ વધુ વધી શકે છે.

'દળી દળીને ઢાંકણીમાં', વાલકનું પાણી મીઠી ખાડીમાં, પછી પૂર ન આવે તો જ નવાઇ

સ્થાનિક સ્તરે એવો પણ મુદ્દો ઉઠાવવામાં આવે છે કે આઉટર રિંગ રોડ નજીક આવેલા પમ્પિંગ સ્ટેશન મારફતે વાલક, પાસોદરા, લસકાણા વગેરે વિસ્તારનું પાણી જે વાલક ખાડી મારફત નદીમાં જતું હતું તે પમ્પિંગ કરીને મીઠી ખાડીમાં છોડવામાં આવે છે. પરિણામે મીઠી ખાડી પર પાણીનો ભાર વધુ વધે છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બને છે.

ખાડી અને નદીમાં ફાયનલ પ્લોટ ફાળવાર ટીપીઓની બદલી બાદમાં સસ્પેન્ડ પણ થયેલા

ખાડી પૂરની માત્રામાં થયેલા વધારાની પાછળ એવી પણ ચર્ચા ઉડીને આંખે વળગે એવી છે કે આજથી આઠ દસ વર્ષ પહેલા સરકારે મુકેલા ટીપીઓ (ટાઉન પ્લાનિંગ ઓફિસરે) ખાડી અને નદીમાં પણ આડેધડ ફાઇનલ પ્લોટ ફાળવી દઇ મોટો ખેલ કર્યો હતો. જેના કારણે આ પ્લોટના માલિક બિલ્ડરોએ તો વગનો ઉપયોગ કરી ખાડી અને નદીમાં પૂરાણ કરી બાંધકામો ખડકી દીધા ને પૂરથી હવે લાખો લોકો હાલાકીમાં મુકાઈ રહ્યાં છે. જે તે સમયે આ ટીપીઓની વિવાદ થતા બદલી અને બાદમાં સસ્પેન્ડ પણ થયા હતા.

ખાડી કરતાં કચરાનો પહાડ પણ મોટો પ્રશ્ન

ખાડીઓમાં દર વર્ષે હજારો ટન પ્લાસ્ટિક, લાકડું, થર્મોકોલ અને ઘન કચરો આવીને અટવાઈ જાય છે. પરિણામે પાણીનો પ્રવાહ ધીમો પડી જાય છે અને ભારે વરસાદ દરમિયાન પાણી પાછું વળીને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જાય છે. ખાડીની સફાઈ માત્ર ચોમાસા પહેલાં નહીં, પરંતુ વર્ષભરની જવાબદારી બનવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

ખાડીપૂર પર નિયંત્રણ લાવવા શું કરવું જરૂરી ?

- **સીમાડા-પાસોદરા-વાલક ખાડી પહોળી કરી બંને બાજુ રોડ બનાવવાની વર્ષોથી માંગ.**
- **બાપા સીતારામ ચોક નજીક બ્રિજ અને દબાણોથી ખાડીના વહેણ પર અસર થતી હોવાના આક્ષેપ.**
- **ટીપી-21, 22, 25 અને 60માં વર્ષો પહેલાં થયેલી પ્લોટ ફાળવણી હવે માથાનો દુઃખાવો બની છે**
- **ડ્રાફ્ટ પ્લાનમાં ખાડીની બંને બાજુ મુકાયેલા 10 થી 20 મીટર બફર ઝોનનો કડકાઇથી અમલ કરવો**
- **વાલક વિસ્તારનું પાણી પમ્પિંગ કરીને મીઠી ખાડીમાં છોડાતા પૂરનો ભાર વધતો હોવાની ચર્ચા.**
- **સારોલી, કુંભારીયા અને આંજણાના વિકાસથી કુદરતી પાણીના વહેણમાં અવરોધ ઉભા થવાના મુદ્દા.**
- **દર વર્ષે ખાડીઓમાં જમા થતો પ્લાસ્ટિક અને ઘન કચરો પૂરનું જોખમ અનેકગણું વધારે છે**
- **માત્ર સમિતિ નહીં, દબાણ દૂર કરવું, બફર ઝોનનો અમલ અને જવાબદારી નક્કી કરવી જ કાયમી ઉકેલની ચાવી છે.**

મુવી એપ અપડેટ કરતા જ વકીલના ફોનમાંથી રૂપિયા ૭૦ હજાર ટ્રાન્સફર

અશાંતધારાની ઓનલાઈન અરજીની ફી ભરતી વખતે ગુગલ પે નો ઉપયોગ કર્યા બાદ હેકર્સે ખાતાને નિશાન બનાવ્યું

સુરત : સુરતના એક વકીલ સાથે એપ્લિકેશન અપડેટ કરવાના બહાને મોબાઈલ ફોન હેક કરી રૂપિયા ૭૦,૦૦૦ ની મત્તા સેરવી લેવાનો બનાવ સામે આવ્યો છે. નાનપુરા ખાતે ઓફિસ ધરાવતા વકીલનો ફોન હેક કરીને કોઈ અજાણ્યા ઠગે તેમની જાણ બહાર બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. આ બનાવ અંગે ભોગ બનનાર વકીલે ખટોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સાયબર ફ્રોડનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભટાર રોડ પર આવેલી ગંગોત્રી સોસાયટી-૨ માં પરિવાર સાથે રહેતા સુમિત નરેન્દ્રભાઈ પટેલ (ઉ.વ. ૪૧) વ્યવસાયે વકીલ છે અને નાનપુરા નિકુંજ સોસાયટીમાં પોતાની ઓફિસ ધરાવે છે. ગત તા. ૭ જૂન, ૨૦૨૬ ના રોજ બપોરે તેઓ પોતાની ઓફિસ ખાતે ડેપ્યુટી કલેક્ટર કચેરી માટે અસીલની અશાંતધારા અંગેની ઓનલાઈન અરજીનું કામકાજ કરી રહ્યા હતા. દરમિયાન બપોરના સમયે તેમણે પોતાના ફોનમાં અગાઉથી ડાઉનલોડ કરેલી 'પીકાસો' (Pikashow) નામના મુવી સ્ટ્રીમિંગ એપ ઓપન કરી હતી. એપ ઓપન કરતા જ અપડેટનો ઓપ્શન આવતાં સુમિતભાઈએ તેના પર ક્લિક કર્યું હતું. ક્લિક કરતાની સાથે જ પીકાસોની જગ્યાએ 'કોકોફ્લિક્સ' નામની અન્ય એક એપ્લિકેશન ઓટોમેટિક ઇન્સ્ટોલ થઈ ગઈ હતી અને તેમનો મોબાઈલ હેંગ થવા લાગ્યો હતો. ત્યારબાદ બપોરે ૧:૩૪ વાગ્યે તેમણે અશાંતધારાની અરજી માટે રૂપિયા ૨૦ ની ફી પોતાના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટ સાથે લિંક થયેલા ગુગલ પે મારફતે ચૂકવી હતી. રાત્રે ઘરે ગયા બાદ તેમણે ગુગલ પે ની ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી ચેક કરતા તેમના હોશ ઉડી ગયા હતા. બપોરે ૨:૧૮ વાગ્યે તેમની જાણ કે ઓટીપી વગર જ તેમના ખાતામાંથી રૂદ્ર પ્રતાપ સિંહ પટેલ નામના વ્યક્તિના ગુગલ પે એકાઉન્ટમાં રૂપિયા ૭૦,૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા હતા. સાયબર ફ્રોડનો ભોગ બન્યાનું માલૂમ પડતાં જ સુમિતભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ફોનમાં શંકાસ્પદ એપ ડાઉનલોડ થતાં જ હેકર્સે ફોનનો એક્સેસ મેળવી આ ચોરી આચરી હોવાનું સ્પષ્ટ થતાં તેમણે ખટોદરા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા હેકર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

A4 પેપરના પરિપત્ર મુદ્દે બારે તાબડતોબ બેઠક બોલાવી

ફરજિયાત કોમ્પ્યુટરાઇઝ્ડ ટાઇપિંગ મુદ્દે વકીલો લડી લેવાના મૂડમાં

સુરતઃ હાઈકોર્ટ દ્વારા A4 સાઈઝ પેપર સંદર્ભના પરિપત્રનાં વિરોધમાં વડોદરા વકીલમંડળે હડતાળનું એલાન આપતાં સુરત જિલ્લા વકીલમંડળે પણ તાબડતોબ કારોબારી કમિટીના હોદ્દેદારો, સભ્યો અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સુરત ખાતેના ચુંટાયેલા પ્રતિનિધિની એક મહત્ત્વપૂર્ણ સંયુક્ત મીટિંગનું આયોજન તા.૬-૮-૨૬ના ગુરુવારના રોજ કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા એ-૪ સાઈઝ પેપરમાં આગળ પાછળ પ્રિન્ટ આપી ચોક્કસ ફોન્ટનો ઉપયોગ કરી, દરેક અરજીઓ, પ્લીડિંગ, એફિડેવિટ, મેમોરેન્ડમ ઓફ અપીલ તેમજ મુદ્દત અરજી ફરજિયાતપણે કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપિંગ કરી, રજૂ કરવા બાબત સામે વિરોધ માટે જરૂરી ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

વકીલોની મુશ્કેલી એ છે કે, રોજરોજ ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપીની ગેરહાજરી માટે એક્ઝેપ્શનની અરજીમાં કોર્ટનું નામ, કેસ નંબર, આરોપીનું નામ, ગેરહાજરીનું કારણ, તારીખ વગેરે હાથથી જ લખવી પડે છે. મુદ્દત અરજીમાં સામાવાળા વકીલનું No Objection અથવા Seen લખાવવું હોય તો તે પણ હાથથી જ લખવું પડે, કોઈ કામમાં આરોપીને સજા થઈ હોય તો તેની સ્ટે એપ્લિકેશન પણ ટાઈમ પર જ હાથથી લખવી પડે છે.

સામાન્ય રીતે કોર્ટ સાંજના સમયે જ ઓર્ડર કરતી હોય છે, ચાલુ ટ્રાયલે કે ચાલુ કેસે વાંધા વગેરે માટે આપવાની થતી અરજી હાથથી જ લખવી પડતી હોય છે. આદિવાસી વિસ્તારમાં આવતી કોર્ટોમાં લાઈટ પણ રહેતી નથી તો તેવા સંજોગોમાં પણ હાથથી જ અરજીઓ આપવી પડે છે.

ગે ડેટિંગ એપથી યુવકોને ફસાવી લૂંટી લેતી ટોળકીના બે ઝડપાયા

ઓનલાઇન ચેટિંગ કરી એકાંતમાં બોલાવ્યા બાદ રોકડ તથા મોબાઇલ આંચકી લેતા હતા

સુરતઃવરાછા વિસ્તારમાં ઓનલાઈન ડેટિંગ એપ્લિકેશનના માધ્યમથી યુવકોને જાળમાં ફસાવી એકાંત જગ્યાએ મળવા બોલાવી માર મારીને લૂંટ ચલાવતી રીઢા ગુનેગારોની ટોળકીનો વરાછા પોલીસે પર્દાફાશ કર્યો છે. 'POLO GAY DATING | CHAT' નામની એપ્લિકેશન મારફતે યુવકને મળવા બોલાવી ધમકાવીને રોકડ તથા મોબાઈલ ફોન બળજબરીપૂર્વક પડાવી લેવાના ગુનામાં વરાછા પોલીસ ટીમે માનવ ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં બે આરોપીઓ સહિત એક સગીરને ઝડપી લીધા છે.

લિંબાયતના પ્રતાપનગર ખાતે રહેતા યુવક સાથે અજાણ્યા ઈસમે 'POLO GAY DATING | CHAT' એપ્લિકેશન પર ચેટિંગ કરી વરાછા અર્થના સ્કૂલ પાસે મળવા બોલાવ્યો હતો. ત્યારબાદ તેને હરિધામ સોસાયટી ઓરેંજ પાર્ક નજીક આવેલી એક અંડર-કન્સ્ટ્રક્શન બિલ્ડિંગના પાંચમા માળે લઈ જવામાં આવ્યો હતો.

જ્યાં અગાઉથી સંતાઈને બેઠેલા અન્ય સાગરીતોએ આવી યુવકને ઢોર માર મારી ગુગલ પે મારફતે રૂ. ૧,૦૦૦/- ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ ઉપરાંત રોકડા રૂ. ૪,૫૦૦/- અને રૂ. ૧૫,૦૦૦/- ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨૦,૫૦૦/- ની મત્તા બળજબરીથી પડાવી આરોપીઓ રફુચક્કર થઈ ગયા હતા.

બનાવ અંગે ગુનો નોંધાતાં વરાછા પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પી.એસ.આઈ. વી.ડી. માળી અને તેમની ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સર્વેલન્સ સ્ટાફના કાળુભાઈ માધાભાઈ અને નરેશભાઈ મેહુરભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે સુશાંત ઉર્ફે આકાશ કુંવરબહાદુર વર્મા (ઉ.વ. ૨૧, મૂળ ઉત્તરપ્રદેશ) અને સોમરાજ અર્જુનભાઈ ગમેતી (ઉ.વ. ૨૧, મૂળ રાજસ્થાન, બંને રહે. સીતારામ સોસાયટી, વરાછા) ની અટકાયત કરી બંને પાસેથી રોકડા ૫,૫૦૦/- રોકડા તથા અગાઉ અન્ય ભોગ બનનારાઓ પાસેથી લૂંટેલા રૂ. ૫૫,૦૦૦/- ની કિંમતના વધુ બે મોંઘા મોબાઈલ ફોન મળી કુલ માતબર મુદ્દામાલ કબજે કર્યો છે.

સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે રાજ્યપાલને આવેદનપત્ર અપાયું

સુરતની ક્વિક રિસ્પોન્સ ટીમ દ્વારા રાજ્યપાલને વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું

સુરતઃ દક્ષિણ ગુજરાતના લાખો નાગરિકોને ઘરઆંગણે ઝડપી, સસ્તો અને સુલભ ન્યાય મળે તે હેતુથી સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની કાયમી બેંચ શરૂ કરવાની તેમજ હાઈકોર્ટની કાર્યવાહી અને દસ્તાવેજીકરણમાં ગુજરાતી તથા રાષ્ટ્રભાષા હિન્દીના ઉપયોગને મંજૂરી આપવાની માંગ સાથે ક્વિક રિસ્પોન્સ ટીમ સુરત દ્વારા રાજ્યપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આવેદનમાં જણાવાયું છે કે સુરત ગુજરાતનું બીજું સૌથી મોટું શહેર અને દેશના સૌથી ઝડપથી વિકસતા આર્થિક કેન્દ્રોમાંનું એક છે. હાલમાં દક્ષિણ ગુજરાતના નાગરિકોને હાઈકોર્ટના કામકાજ માટે અમદાવાદ સુધી 250 કિલોમીટરથી વધુનું અંતર કાપવું પડે છે. સુરત ખાતે હાઈકોર્ટ બેંચની સ્થાપનાથી સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, ભરૂચ અને નર્મદા સહિત દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓને સીધો લાભ મળશે. આ વિસ્તાર આશરે દોઢ કરોડથી વધુ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે માત્ર સુરત શહેરની જ વસ્તી 70 લાખથી વધુ છે. દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગો અને વ્યાપારના ઝડપી વિકાસને કારણે કોર્પોરેટ કાયદા, ટેક્સ, કરારભંગ, ઈન્કમ ટેક્સ અને બૌદ્ધિક સંપત્તિ સંબંધિત કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરત જિલ્લા અને સેશન્સ કોર્ટ રાજ્યની સૌથી વધુ કેસો ધરાવતી અદાલતોમાંની એક હોવાથી હાઈકોર્ટમાં અપીલોનું પ્રમાણ પણ નોંધપાત્ર છે.તેમજ ભાષાના ઉપયોગ અંગે રજૂઆત કરી છે કે સામાન્ય નાગરિક માટે અંગ્રેજી ભાષા સમજવી મુશ્કેલ હોવાથી પોતાની જ કેસની કાર્યવાહી સમજવામાં અડચણ આવે છે.

ભીમરાડમાં ડાઇંગમાસ્ટરના ઘરમાંથી કામવાળીઓ દ્વારા 14 .75 લાખની ચોરી

ઘરમાં કામ કરતી ત્રણ મહિલાઓ પર નામજોગ શંકા વ્યક્ત કરી પોલીસ મથકે નોંધાઈ ફરિયાદ

પ્રકાશ કુમાર ચેવલીના ઘરના ડ્રોવરને ચાવી વડે અથવા અન્ય કોઈ રીતે ખોલીને ચોરી અંજામ આપવામાં આવ્યો

સુરત : અલથાણ-ભીમરાડ ગામ ખાતે આવેલી ઇકો પાર્ક સાઇડ સોસાયટીમાં રહેતા ડાઈંગમાસ્ટરના મકાનમાં ઘરમાં કામ કરતી 3 મહિલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૧૪.૭૮ લાખથી વધુની ચોરીનો કરી ગઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

મળતી વિગતો મુજબ, ભીમરાડ ગામ સ્થિત ઇકો પાર્ક સાઇડ સોસાયટીના મકાન નંબર ૧૩૦૧ માં રહેતા ડાઈંગમાસ્ટર પ્રકાશ કુમાર વસંત ભાઈ ચેવલીના ઘરના ડ્રોવરને ચાવી વડે અથવા અન્ય કોઈ રીતે ખોલીને ચોરી અંજામ આપવામાં આવ્યો હતો. ડ્રોવરમાં મૂકેલા સોનાના વિવિધ દાગીના જેવા કે ચેઇન, કડું, લકી, સોનાની રીંગો, ગોલ્ડ કોઈન, બંગડીઓ, હાર-બુટ્ટીનો સેટ, પેન્ડલ અને રૂદ્રાક્ષની માળા મળીને કુલ ૧૨,૭૮,૪૯૫ ની કિંમતના સોનાના ઘરેણાં તથા ૨,૦૦,૦૦૦ ની રોકડ રકમ સહિત કુલ ૧૪,૭૮,૪૯૫ ની મત્તાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે.

આ ઘટના અંગે ઘરમાં કામ કરતી શંકાસ્પદ મહિલાઓ રેન્સી પટેલ (રહે. ભીમરાડ ગામ), રેખા બોરસે (રહે. ડિંડોલી) અને નીશા લહાણે (રહે. આઝાદનગર, ભટાર) સામે નામજોગ શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બનાવ સંદર્ભે ગુનો નોંધી આગળની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ. એન. બોરસેને સોંપવામાં આવી છે. શંકાના દાયરામાં આવેલી મહિલાઓ એક કામ છોડ્યા બાદ અન્ય કામે આવી હોવાથી પોલીસ પણ ગોઠે ચડી છે.

SMC-GPSCની પરીક્ષા એક જ દિવસે

સુરત : GPSC દ્વારા પશુ ચિકિત્સા અધિકારી, નર્સિંગ ઓફિસર સહિત ૩૮ જેટલી જગ્યાઓ માટેની પ્રાથમિક કસોટી અગાઉથી જાહેર કરવામાં આવી હતી. બીજી તરફ SMCએ પણ મેડિકલ ઓફિસર, ટેકનિકલ આસિસ્ટન્ટ અને મેન્ટેનન્સ આસિસ્ટન્ટ સહિત વિવિધ પોસ્ટ માટે લેખિત પરીક્ષા એ જ દિવસે રાખી છે. બંને પરીક્ષાઓનો સમય એકસરખો હોવાથી અનેક ઉમેદવારોએ બંને ભરતી માટે અરજી કરી હોવા છતાં કોઈ એક પરીક્ષા પસંદ કરવાની ફરજ પડશે. આથી ઉમેદવારોએ તંત્રને પરીક્ષાની તારીખ અથવા સમય બદલવા રજૂઆત કરી છે. ભારે વરસાદની આગાહી અને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવાની સંભવિત મુશ્કેલીઓને પણ ધ્યાનમાં રાખવાની માંગ થઈ છે.

ગણદેવી નગરપાલિકા, ગણદેવી

ગણદેવી નગરપાલિકા, જિ.નવસારી
ઈ - ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા સરકાર માન્ય ઈજારદારો પાસેથી નગરપાલિકાની વિકેન્દ્રિત ગ્રાંટ (૨૦૨૬-૨૭) માંથી ગણદેવી નગરપાલિક વિસ્તારમાં આવેલ કડીયાવાડ, કસ્બાવાડી તથા વિવિધ વિસ્તારમાં પેવર બ્લોક નાખવાનાં કામ માટે ગણદેવી નગરપાલિકા ગણદેવી, જિ.નવસારી દ્વારા ઈ-ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવે છે. જે ભાવો આ વેબસાઈટ ઉપર જોવા મળશે. (https://tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in)

૧. બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ	: તા. ૦૬/૦૮/૨૦૨૬ ને ૧૧.૦૦ કલાકેથી
૨. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	: તા. ૧૫/૦૮/૨૦૨૬ ને ૧૮.૦૦ કલાક સુધી
૩. ઈ-એમડી,ટેન્ડર ફી અને ડોક્યુમેન્ટ મોકલવાની છેલ્લી તારીખ	: તા. ૨૦/૦૮/૨૦૨૬ સુધીમાં ૧૮.૦૦ કલાક સુધી ચીફ ઓફિસર ગણદેવી રજી.એડી અથવા સ્પીડ પોસ્ટથી મોકલવું.
૪. પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ	: તા. ૨૫/૦૮/૨૦૨૬ ને૧૧.૦૦ કલાકે

કોઈપણ કારણોસર ટેન્ડર મંજુર અને નામંજુર કરવાની સત્તા ચીફ ઓફિસર, ગણદેવી નગરપાલિકાને આબાધિત રહેશે.

પિનાકીન પી. પંડયા કારોબારી ચેરમેન ગણદેવી નગરપાલિકા	અનિતાબેન ડી. ભંડારી પ્રમુખ ગણદેવી નગરપાલિકા	પ્રાચી પી. દોશી ચીફ ઓફિસર ગણદેવી નગરપાલિકા

માહિતી/નવસારી/૨૨૭/૨૦૨૬